WPL આજથી, MI ત્રીજા ટાઈટલ માટે દાવેદાર

મુંબઈ ઈન્ડિયન્સની સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને દિલ્હી કેપિટલ્સ પણ ટાઇટલની દાવેદારીમાં

આજે બે વારનું ચેમ્પિયન મુંબઇ ઇન્ડિયન્સ અને એકવારના ચેમ્પિયન આરસીબીની મેચથી ટૂર્નામેન્ટની શરૂઆત

નવી મુંબઈ, તા. 08 (પીટીઆઈ) : પોતાના પહેલા વન ડે વર્લ્ડકપ જીતથી ઉત્સાહિત, ભારતીય મહિલા ક્રિકેટરો શુક્રવારથી અહીં શરૂ થતી ચોથી મહિલા પ્રીમિયર લીગ (WPL) ક્રિકેટ ટુર્નામેન્ટ સાથે સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછા ફરશે, જે આ વર્ષે ઈંગ્લેન્ડમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપ માટેની તેમની તૈયારીઓની શરૂઆત પણ કરશે.

ટુર્નામેન્ટની પહેલી મેચ હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ બે વખતની વિજેતા અને ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને બેટ્સમેન સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની એકવારની ટાઇટલ વિજેતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. ચોથી WPL નવી મુંબઈ અને વડોદરા એમ માત્ર બે સ્થળે જ આયોજીત થશે. કાગળ પર, મુંબઈ ઈન્ડિયન્સની ટીમ મજબૂત દેખાય છે. તેમની પાસે ભારતીય કેપ્ટન હરમનપ્રીત, ઈંગ્લેન્ડના કેપ્ટન નેટ સાયવર બ્રન્ટ અને વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન હેલી મેથ્યુઝ જેવા અનુભવી ખેલાડીઓ છે.

મુંબઈએ તેમના મોટાભાગના ખેલાડીઓને જાળવી રાખ્યા છે અને કોઈપણ ટીમ માટે તેને હરાવવા પડકારજનક રહેશે. ન્યુઝીલેન્ડની અમેલિયા કેર, ઓસ્ટ્રેલિયાની મિલી ઈલિંગવર્થ અને ભારતની વિશ્વસનીય અમનજોત કૌરની હાજરીથી તેમની બેટિંગ મજબૂત બની છે. શબનીમ ઈસ્માઈલ મુંબઈના બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે, જેમાં સૈકા ઈશાકનો પણ સમાવેશ થાય છે.

મેગ લેનિંગના ઉત્તર પ્રદેશ વોરિયર્સમાં ગયા બાદ, ભારતીય બેટ્સમેન જેમિમા રોડ્રિગ્સે દિલ્હી કેપિટલ્સની કમાન સંભાળી છે. દિલ્હીની ટીમ અત્યાર સુધીમાં ત્રણ વખત ફાઈનલમાં પહોંચી છે પરંતુ હજુ સુધી ટાઈટલ જીતી શકી નથી. આ વખતે, તેઓ વાપસી કરવા માટે કટિબદ્ધ હશે. દિલ્હી પાસે વર્લ્ડ કપ વિજેતા અને ફોર્મમાં ચાલી રહેલી ઓપનરો શેફાલી વર્મા, સ્નેહ રાણા અને શ્રી ચારણી ઉપરાંત સ્થાનિક ખેલાડીઓ નિક્કી પ્રસાદ, મિન્નુ મણિ અને જમણા હાથની બોલર નંદની શર્મા છે.

વિજય હજારે ટ્રોફી : રોમાચંક મેચમાં પંજાબે મુંબઈને માત્ર એક રનથી હરાવ્યું

મુંબઇ વતી સરફરાઝ ખાને તોફાની અને વિક્રમી અર્ધસદી ફટકારી છતાં મુંબઇ મેચ હાર્યું

લો સ્કોરિંગ મેચમાં પંજાબને જીતાડવામાં મયંક માર્કંડે અને ગુરનુર બ્રારની મુખ્ય ભૂમિકા

જયપુર, તા. 08 : વિજય હજારે ટ્રોફીની આજે ગુરૂવારે અહીં રમાયેલી એક લો સ્કોરિંગ પણ રોમાંચક દિલધડક મેચમાં સરફરાઝ ખાનની તોફાની અને વિક્રમી અર્ધસદી છતાં મુંબઇ પંજાબની સામે માત્ર એક રને હાર્યું હતું. મુંબઈએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી પ્રથમ બેટિંગ કરતા પંજાબ રમનદીપ સિંહના 72 અને અનમોલપ્રિત સિંહના 57 રનની મદદથી 45.1 ઓવરમાં 216 રનમાં ઓલઆઉટ થયું હતું. 216 રનના લક્ષ્યાંક સામે મુંબઇ એક સમયે 17 ઓવરમાં ત્રણ વિકેટે 169 રન બનાવીને જીત તરફ આગળ વધતું જણાતું હતું પણ તે પછી 46 રનના ઉમેરામાં તેમણે પોતાની બાકીની સાત વિકેટ ગુમાવીને 215 રનમાં ઓલઆઉટ થતાં માત્ર એક રને મેચ હાર્યા હતા. મુંબઈ માટે સરફરાઝ ખાને 20 બોલમાં 62 રન બનાવ્યા. શ્રેયસ અય્યરે પણ 45 રનની ઈનિંગ રમી હતી જોકે, તે મુંબઈને જીત અપાવવા માટે પૂરતું ન હતું. પંજાબ માટે મયંક માર્કંડે અને ગુરનુર બ્રારે ૪-૪ વિકેટ લીધી હતી.

સરફરાઝ ખાન લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી અર્ધસદી ફટકારનારો ભારતીય બન્યો

જયપુર, તા. 08 : વિજય હજારે ટ્રોફીની આજે ગુરૂવારે જયપુરમાં રમાયેલી એક મેચમાં મુંબઇ વતી રમતા સરફરાઝ ખાને પંજાબ સામે માત્ર 15 બોલમાં અર્ધસદી ફટકારીને મહારાષ્ટ્રના અભિજીત કાલે અને બરોડાના અતિત સેઠનો રેકોર્ડ તોડીને વિજય હજારે ટ્રોફીમાં સૌથી ઝડપી અર્ધસદી ફટકારનારો ભારતીય બન્યો હતો. અભિજીતે બરોડા સામે 1995માં 16 બોલમાં અને અતિતે 2021માં છત્તીસગઢ સામે 16 બોલમાં અર્ધસદી ફટકારી હતી. લિસ્ટ-એ ક્રિકેટમાં આ સંયુક્ત ચોથી સૌથી ઝડપી અર્ધસદી હતી. લિસ્ટ-એમાં સૌથી ઝડપી અર્ધસદીનો રેકોર્ડ શ્રીલંકાના કૌશલ્ય વિરસ્ત્વેના નામે છે જે તેણે સ્થાનિક મેજર ક્લબ ટૂર્નામેન્ટમાં 2005માં 12 બોલમાં અર્ધસદી ફટકારીને બનાવ્યો હતો. આ ઉપરાંત સરફરાઝે પંજાબના કેપ્ટન અભિષેક શર્માની એક ઓવરમાં ત્રણ છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે 30 રન ફટકાર્યા હતા અને તેણે 20 બોલમાં 62 રનની ઇનિંગ રમી હતી.

લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી અર્ધસદી

ખેલાડી	દેશ	ટૂર્નામેન્ટ	સ્થળ	બોલ	વર્ષ
કૌશલ્ય વિરસ્ત્વે	શ્રીલંકા	મેજર ક્લબ	કોલંબો	12	2005
તિસારા પરેરા	શ્રીલંકા	મેજર ક્લબ	પાનગોડા	13	2021
રોરી ક્લેનવેલ્ડ	દ. આફ્રિકા	ચેલેન્જ કપ	ડરબન	14	2011
એડમ હોલિયોક	ઈંગ્લેન્ડ	કાઉન્ટી ક્રિકેટ	સ્કારબોરો	15	1994
સલમાન બટ	પાકિસ્તાન	પ્રેસિડન્ટ કપ	લાહોર	15	2005
સરફરાઝ ખાન	ભારત	વિજય હજારે ટ્રોફી	જયપુર	15	2026

વિજય હજારે ટ્રોફીમાં સૌથી ઝડપી અર્ધસદી

ખેલાડી	ટીમ	હરીફ ટીમ	સ્થળ	બોલ	વર્ષ
સરફરાઝ ખાન	મુંબઇ	પંજાબ	જયપુર	15	2026
અભિજીત કાલે	મહારાષ્ટ્ર	બરોડા	વડોદરા	16	1995
અતિત સેઠ	બરોડા	છત્તીસગઢ	સુરત	16	2021
સુયશ પ્રભુદેસાઇ	ગોવા	ઓડિશા	જયપુર	17	2025

ઓસ્ટ્રેલિયાએ પાંચમી ટેસ્ટ જીતવા સાથે એશિઝ સીરિઝ 4-1થી જીતી

ઈંગ્લેન્ડની ટીમનો બીજો દાવ 342 રનમાં સમેટાતા મળેલા 160 રનના લક્ષ્યાંકને ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે આંબી લીધો

ટ્રેવિસ હેડ પ્લેયર ઓફ ધ મેચ જ્યારે મિચેલ સ્ટાર્ક પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર

સિડની, તા. 08 (એપી) : એશિઝ સીરિઝની અહીં રમાયેલી પાંચમી અને અંતિમ ટેસ્ટમાં આજે ગુરૂવારે પાંચમા દિવસે ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટથી જીત મેળવીને એશિઝ સીરિઝ 4-1થી કબજે કરી હતી. ટ્રેવિસ હેડ પ્લેયર ઓફ ધ મેચ જ્યારે મિચેલ સ્ટાર્ક પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર થયા હતા

પ્રથમ ઈનિંગમાં 384 રન બનાવનાર ઈંગ્લેન્ડની ટીમ જેકબ બેથેલના 154 રન છતાં પાંચમા અને અંતિમ દિવસે બીજા ઈનિંગમાં 342 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેને પગલે ઓસ્ટ્રેલિયાને મેચ જીતવા માટે 160 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. બે ત્રણ વિકેટો અને વિવાદાસ્પદ ડીઆરએસ રિવ્યૂને કારણે વધેલા તણાવ વચ્ચે એલેક્સ કેરી અને કેમરન ગ્રીન ટીમને 31.2 ઓવરમાં પાંચ વિકેટે 161 રન સુધી પહોંચાડીને વિજય સુધી દોરી ગયા હતા. આ પહેલા ઈંગ્લેન્ડે પાંચમા દિવસે સવારે આઠ વિકેટે 302 રનથી પોતાનો બીજો દાવ ફરી શરૂ કર્યો અને 40 રન ઉમેર્યા પછી બાકીની બે વિકેટ ગુમાવી દીધી હતી.

ઈંગ્લેન્ડ પ્રથમ દાવ	384
ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ	567

ઈંગ્લેન્ડ બીજો દાવ	342			
ઓસ્ટ્રેલિયા બીજો દાવ	**રન**	**બોલ**	**4**	**6**
હેડ કો.કાર્સ બો.ટંગ	29	35	4	0
વેધરલ્ડ કો.પોક્સ બો.ટંગ	34	40	5	0
લાબુશેન રનઆઉટ	37	40	4	1
સ્મિથ બો.જેક્સ	12	12	1	0
ખ્વાજા બો.ટંગ	6	7	1	0
કેરી નોટઆઉટ	16	27	1	0
ગ્રીન નોટઆઉટ	22	27	3	0
વધારાના	5			
કુલ (31.2 ઓવરમાં પાંચ વિકેટે)	161			

વિકેટપતન : 1/62, 2/71, 3/92, 4/119, 5/121

બોલિંગ	**O**	**M**	**R**	**W**
બ્રેડન કાર્સ	8	0	51	0
જોશ ટંગ	11	0	42	3
જેકબ બેથલ	3	0	16	0
વિલ જેક્સ	6.2	1	42	1
જો રૂટ	3	1	6	0

તિલકની ગ્રોઈન ઈન્જરી માટે સર્જરી, ન્યુઝીલેન્ડ સામે પહેલી ત્રણ મેચ નહીં રમે

તિલક વર્માએ રાજકોટમાં તીવ્ર ટેસ્ટિક્યુલર દુખાવાની ફરિયાદ કરી અને તે પછી તેની સર્જરી કરવામાં આવી

નવી દિલ્હી, તા. 08 (પીટીઆઈ) : ભારતીય બેટ્સમેન તિલક વર્માએ ગ્રોઈનની ઈજા માટે સર્જરી કરાવી છે, જેના કારણે તે ન્યુઝીલેન્ડ સામેની આગામી ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝની પ્રથમ ત્રણ મેચમાંથી બહાર થઈ ગયો છે. આવતા મહિને યોજાનાર ટી-20 વર્લ્ડકપની શરૂઆતની મેચોમાં પણ તેની ભાગીદારી શંકાસ્પદ છે.

23 વર્ષીય ખેલાડીને ભારે દુખાવાની ફરિયાદ બાદ રાજકોટની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. બીસીસીઆઈના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે તિલક વર્માએ રાજકોટમાં તીવ્ર ટેસ્ટિક્યુલર દુખાવાની ફરિયાદ કરી હતી. તેને હોસ્પિટલમાં લઈ જવાયો હતો. સ્કેન પર ટેસ્ટિક્યુલર ટોર્સિયન હોવાનું નિદાન થતાં તાત્કાલિક સર્જરીની સલાહ આપવામાં આવી હતી. તિલકની સફળ સર્જરી થઈ છે અને હવે તે સ્વસ્થ છે. મેડિકલ પેનલ સાથે ચર્ચા પછી તેની રિકવરી અને રમવા માટે તેના પાછા ફરવા માટે અપેક્ષિત સમયમર્યાદા વિશે વધુ માહિતી મળતાં જ અમે તમને અપડેટ કરીશું. ગુરૂવારે જારી કરાયેલા એક નિવેદનમાં, બીસીસીઆઈએ માહિતી આપી કે સર્જરી બુધવારે થઈ હતી.

બીસીસીઆઈએ જણાવ્યું હતું કે ભારતના બેટ્સમેન તિલક વર્માને પેટની સમસ્યા માટે બુધવાર, ૭ જાન્યુઆરીએ રાજકોટમાં સર્જરી કરાવવામાં આવી હતી. ગુરૂવારે સવારે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી અને શુક્રવારે તે હૈદરાબાદ પાછો ફરવાનો છે. હાલમાં તેની તબિયત સ્થિર છે અને તેની તબિયત સારી છે. તિલક શારીરિક તાલીમ ફરી શરૂ કરશે અને ધીમે ધીમે કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓમાં પાછા ફરશે જ્યારે તેમના લક્ષણો સંપૂર્ણપણે દૂર થઈ જશે અને ઘા સંતોષકારક રૂઝાઈ જશે.

દિલ્હી હરિયાણાને જ્યારે સૌરાષ્ટ્ર ગુજરાતને હરાવી ક્વાર્ટર ફાઇનલમાં

બેંગલુરુ, તા. 08 (પીટીઆઈ) વિજય હજારે ટ્રોફીમાં દિલ્હીએ આજે ગુરુવારે અહીં હરિયાણાને નવ વિકેટથી હરાવીને ગ્રુપ ડીમાં ટોચનું સ્થાન મેળવીને જ્યારે સૌરાષ્ટ્રએ ગુજરાતને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. દિલ્હી માટે આ એક ખાસ જીત હતી કારણ કે ટીમ તાજેતરમાં રમાયેલી સૈયદ મુશ્તાક અલી ટી20 ટ્રોફીના નોકઆઉટમાં સ્થાન મેળવી શકી ન હતી. હવે દિલ્હી 13 જાન્યુઆરીએ 'સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે ચોથા ક્વાર્ટર ફાઇનલમાં વિદર્ભ સામે ટકરાશે.દિલ્હી વતી ઇશાંત શર્માએ ત્રણ વિકેટ લેતા અને. નવદીપ સૈની અને પ્રિન્સ યાદવે સહાયકની ભૂમિકા ભજવતા હરિયાણા 25.4 ઓવરમાં માત્ર 105 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ત્યારબાદ દિલ્હીએ 13.3 ઓવરમાં આ લક્ષ્ય સરળતાથી હાંસલ કરી લીધું હતું. ગ્રુપ ડીમાંથી ક્વોલિફાય થનારી બીજી ટીમ સૌરાષ્ટ્ર હતી, જેણે અલુરમાં ગુજરાતને 145રનથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા સૌરાષ્ટ્રએ ચાર વિકેટે ૩૮૩ રન બનાવ્યા અને પછી ગુજરાતનો 238 રનમાં વિંટો વાળ્યો હતો.

શિવાંગના પંજાથી મધ્યપ્રદેશ કર્ણાટકને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યું

અમદાવાદ, તા. 08 : ડાબોડી સ્પિનર શિવાંગ કુમારે પાંચ વિકેટ લઈને કેરિયર બેસ્ટ પ્રદર્શન કરતાં મધ્યપ્રદેશે ગુરૂવારે અહીં સ્ટાર-સ્ટડેડ કર્ણાટકને સાત વિકેટથી હરાવીને વિજય હજારે ટ્રોફીના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ જીત સાથે, મધ્યપ્રદેશે સાત મેચમાં 20 પોઈન્ટ સાથે ગ્રુપ સ્ટેજ પૂર્ણ કર્યો અને વિજય હજારે ટ્રોફીના નોકઆઉટમાં પહોંચનારી કર્ણાટક (24 પોઈન્ટ) પછી બીજી ટીમ બની. મયંક અગ્રવાલની આગેવાની હેઠળના કર્ણાટક મંગળવારે છઠ્ઠા રાઉન્ડ પછી ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવી ચૂક્યું હતું. છઠ્ઠા રાઉન્ડ પછી કેરળ અને ઝારખંડ 16 પોઈન્ટ સાથે મધ્યપ્રદેશ સાથે સમાન હતા પરંતુ ગુરૂવારે બંને ટીમો પોતપોતાની મેચ હારી ગઈ, જેના કારણે ક્વાર્ટર ફાઇનલમાં પહોંચવાની તેમની આશા ખતમ થઈ ગઈ.

વિદર્ભ ક્વાર્ટર ફાઇનલમાં, બરોડા નેટ રન રેટના કારણે તક ચૂક્યું

રાજકોટ, તા. 08 (પીટીઆઇ) : અથર્વ તાયડે અને રવિકુમાર સમર્થની અડધી સદીની મદદથી, વિદર્ભે ગુરૂવારે આસામને 160 રનથી હરાવીને વિજય હજારે ટ્રોફીના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે બરોડા ચંદીગઢને 149 રનથી હરાવવા છતાં રનરેટના કારણે ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવતા ચૂક્યું હતું. નોકઆઉટમાં પ્રવેશવા માટે, વિદર્ભનો બંગાળ અને બરોડા વચ્ચે ત્રિકોણીય મુકાબલો હતો જેમાં દરેકને મોટી જીતની જરૂર હતી. વિદર્ભે સાત વિકેટે 308 રન બનાવીને આસામની ટીમનો 35 ઓવરમાં 148 રનમાં વિંટો વાળીને મેચ મોટા માર્જીનથી જીતીને રનરેટમાં આગળ રહ્યું હતું, આ તરફ બરોડાએ 49.1 ઓવરમાં 391 રન બનાવ્યા, જેના જવાબમાં, ચંદીગઢની ટીમ 242 રનમાં ઓલઆઉટ થઈ હતી અને તેના કારણે બરોડા રનરેટમાં પાછળ રહ્યું હતું, અન્ય એક મેચમાં, ધ્રુવ જુરેલે ટુનમિન્ટની પોતાની બીજી સદી ફટકારીને ઉત્તર પ્રદેશને બંગાળ સામે પાંચ વિકેટે જીતાડ્યું હતું.

NRAI દ્વારા સગીરાના જાતીય શોષણ મામલે રાષ્ટ્રીય કોચ સસ્પેન્ડ

સગીરાના જાતીય શોષણ કરવાના આરોપસર રાષ્ટ્રીય કોચ સામે FIR દાખલ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ) : નેશનલ રાઇફલ એસોસિએશન ઓફ ઇન્ડિયા (એનઆરએઆઇ) એ શૂટિંગ કોચિંગ સ્ટાફના એક મુખ્ય સભ્ય અંકુશ ભારદ્વાજને ગયા મહિને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ દરમિયાન એક સગીર શૂટરે જાતીય સતામણીનો આરોપ લગાવ્યા બાદ સસ્પેન્ડ કરી દીધા છે.

એનઆરએઆઇએ પુષ્ટિ કરી છે કે ફરીદાબાદમાં ભારદ્વાજ વિરુદ્ધ એફઆઇઓ દાખલ કરવામાં આવી છે. મોહાલીના રહેવાસી ભારદ્વાજ પર POCSO એક્ટની કલમ 6 અને ભારતીય દંડ સંહિતાની કલમ 351(2) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. એનઆરએઆઇએ તેમને સસ્પેન્ડ કર્યા છે અને અમે તેમને કારણદર્શક નોટિસ જારી કરીશું એવું એનઆરએઆઇના સચિવ રાજીવ ભાટિયાએ પીટીઆઈને જણાવ્યું.

તેમણે કહ્યું કે તેમને નૈતિક ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હવે તેમણે પોતાની નિર્દોષતા સાબિત કરવી પડશે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ કોઈપણ કોચિંગ પ્રવૃત્તિઓમાં સામેલ થશે નહીં. ભાટિયાએ જણાવ્યું હતું કે એનઆરએઆઇ એ 2024 માં પેરિસ ઓલિમ્પિક્સ પછી 37 સભ્યોની કોચિંગ ટીમમાં ભારદ્વાજને સ્થાન આપવા માટે ભલામણ કરી હતી. આ સૂરજકુંડમાં બનેલી જાતીય સતામણીની ઘટના છે. પીડિતાએ નોંધાવેલી FIR મુજબ, આ ઘટના ગયા મહિને કરણી સિંહ રેન્જમાં પ્રેક્ટિસ સત્ર પછી બની હતી. ગયા વર્ષે ઓગસ્ટથી ભારદ્વાજ સાથે તાલીમ લઈ રહેલી આ યુવાન શૂટરે કહ્યું કે તે આ ઘટનાથી ચોંકી ગઈ હતી અને વારંવાર વિનંતી કર્યા પછી 1 જાન્યુઆરીએ તેની માતાને આ વિશે જાણ કરી.

રોહિત શર્માની પત્નીએ 26,30,00,000 રૂપિયામાં ખરીદ્યુ લક્ઝરી એપાર્ટમેન્ટ

મુંબઈ, તા. 08 : માજી ભારતીય ક્રિકેટ કેપ્ટન રોહિત શર્માની પત્ની રિતિકા સજદેહે મુંબઈમાં ખરીદેલું એક નવું એપાર્ટમેન્ટ હાલ ચર્ચામાં છે. રોહિત શર્મા કે રિતિકા સજદેહે હજુ સુધી ખરીદીની જાહેરાત કરી નથી. પણ સ્ક્વેરયાર્ડ્સના અહેવાલ મુજબ, રિતિકા સજદેહે રૂ. 26.30 કરોડની કિંમતનો એપાર્ટમેન્ટ ખરીદ્યુ છે. આ એપાર્ટમેન્ટ પ્રભાદેવીના આહુજા ટાવર્સમાં આવેલું છે. રિતિકાએ 1.31 કરોડ ડ્યુટી અને 30,000 રજિસ્ટ્રેશન ચાર્જ ચૂકવ્યા. આ વ્યવહાર ડિસેમ્બર 2025 માં થયો હતો. રિતિકા સજદેહના નવા એપાર્ટમેન્ટનો કાર્પેટ એરિયા 2,760.40 ચોરસ ફૂટ છે. તેમાં ત્રણ કાર પાર્કિંગ જગ્યાઓ છે. રોહિત શર્મા પણ આ બિલ્ડિંગમાં એક ફ્લેટ ધરાવે છે.

મલેશિયા ઓપન : સિંધુ અને સાત્વિક-ચિરાગ અંતિમ આઠમાં

લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી પ્રિ ક્વાર્ટર ફાઇનલમાં હારતા સિંગલ્સમાં ભારતીય પડકારનો અંત

કુઆલાલંપુર, તા. 08 (પીટીઆઇ) : મલેશિયા ઓપન સુપર 1000 બેડમિન્ટન ટૂર્નામેન્ટની મહિલા સિંગલ્સમાં ભારતની સ્ટાર ખેલાડી પીવી સિંધુએ શાનદાર પ્રદર્શન કરીને આજે ગુરૂવારે અહીં ઉચ્ચ ક્રમાંકિત જાપાની ખેલાડી ટોમોકા મિયાઝાકીને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું, જો કે લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી હારતા પુરુષ સિંગલ્સમાં ભારતીય પડકારનો અંત આવ્યો હતો. જ્યારે પુરુષ ડબલ્સમાં સાત્વિક સાઈરાજરંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ પણ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. માજી વિશ્વ ચેમ્પિયન સિંધુએ આઠમી ક્રમાંકિત મિયાઝાકીને 33 મિનિટમાં 21-8, 21-13થી હરાવી હતી. ક્વાર્ટર ફાઇનલમાં સિંધુનો સામનો ત્રીજા ક્રમાંકિત જાપાની ખેલાડી અકાને યામાગુચી સામે થશે, જેણે અન્ય એક મેચમાં ચીનની ગાઓ ફેંગ જીને 21-11, 4-21, 21-17થી હરાવી હતી. સાત્વિક અને ચિરાગની પુરુષ ડબલ્સ જોડીએ પણ મલેશિયાના જુનૈદી આરિફ અને રોય કિંગ યાપને 39 મિનિટમાં 21-18, 21-12 થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. પુરુષ સિંગલ્સ ખેલાડી લક્ષ્ય સેન પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગ-ચીનના લી ચેઉક યિયુ સામે 53 મિનિટમાં 22-22, 15-21 થી હારી ગયો. જ્યારે આયુષ 70 મિનિટ ચાલેલા આ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ટોચના ક્રમાંકિત ચીનના શી યુ ક્વિ સામે 18-21, 21-18, 12-12થી હારી ગયો.

BCBએ ટી-20 વર્લ્ડકપ મેચો ખસેડવા ICCને બીજો પત્ર લખ્યો

રમત મંત્રાલયના સલાહકાર આસિફ નજરુલ સાથે ચર્ચા પછી બીસીબી દ્વારા ICCને નવો પત્ર લખાયો

નવી દિલ્હી, તા. 08 (પીટીઆઈ) : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ગુરૂવારે આઈસીસીને બીજો પત્ર લખીને ટી-20 વર્લ્ડકપ માટે ભારત આવનારી તેની ટીમની સુરક્ષા ચિંતા વ્યક્ત કરીને શ્રીલંકામાં તેની મેચો યોજવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. બાંગ્લાદેશે કોલકાતામાં ત્રણ અને મુંબઈમાં એક મેચ રમવાની છે.

ક્રિકેટ બોર્ડના નજીકના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે, રમત મંત્રાલયના સલાહકાર આસિફ નજરુલ સાથે ચર્ચા કર્યા પછી, બીસીબીએ આઈસીસીને એક નવો પત્ર લખ્યો છે. આઈસીસી જાણવા માંગતી હતી કે સુરક્ષા અંગે તેની શું ચિંતાઓ છે, અને બીસીબીએ તે જણાવી દીધી છે. તેમણે પત્રની વિગતો જાહેર કરી ન હતી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે અત્યાર સુધી આ બાબતે મૌન સેવ્યું છે અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને પૂછ્યું છે કે તેની સુરક્ષા ચિંતાઓ શું છે. બીસીબી પોતે પણ આ મુદ્દે વિભાજિત હોવાનું માનવામાં આવે છે. બોર્ડનો એક જૂથ નઝરુલના કટ્ટર વલણના પક્ષમાં છે જ્યારે બીજું જૂથ આઈસીસી અને બીસીસીઆઈ સાથે વાતચીતનો વિકલ્પ ખુલ્લો રાખવા માંગે છે.

ક્રિકેટ મેચ દરમિયાન મિઝોરમના માજી રણજી ખેલાડીનું મોત

આઈઝોલ, તા. 08 (પીટીઆઈ) : મિઝોરમના માજીરણજી ખેલાડી કે. લાલરેમરુઆતાનું આજે ગુરુવારે સ્થાનિક ક્રિકેટ મેચ દરમિયાન બેભાન થઈને મૃત્યુ થયું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આઈઝોલ નજીક મૌબાવકના રહેવાસી 38 વર્ષીય, સૈરંગ રેલ્વે સ્ટેશન નજીક સુકા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ખાલેદ મેમોરિયલની સેકન્ડ ડિવિઝન સ્ક્રીનીંગ ટુર્નામેન્ટમાં વેંઘનુઈ રાઈડર્સ ક્રિકેટ ક્લબ વતી રમી રહ્યા હતા ત્યારે તેમને સ્ટ્રોક આવ્યો અને તેમનું મૃત્યુ થયું, એમ ક્રિકેટ એસોસિએશન મિઝોરમે જણાવ્યું હતું. લાલરેમરુઆતાએ રણજી ટ્રોફીમાં બે વાર અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સાત વાર મિઝોરમનું પ્રતિનિધિત્વ કર્યું હતું, એમ તેમાં જણાવાયું છે.

નાઈટક્લબમાં બાઉન્સર સાથે ઝઘડો કરનાર હેરી બ્રુકે હવે માફી માગી

ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન વેલિંગ્ટનના નાઇટક્લબમાં થયેલા ઝઘડાની માફી એશિઝ પછી માગી

સિડની, તા. 08 (એપી) : ઈંગ્લેન્ડનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ પૂર્ણ થયો છે અને એશિઝ સમાપ્ત થયા પછી, ઈંગ્લેન્ડના વન ડે અને ટી-20 કેપ્ટન હેરી બ્રુકે ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન નાઇટક્લબમાં બાઉન્સર સાથે કરેલા ઝઘડા માટે માફી માગી હતી.

ઓસ્ટ્રેલિયા પહોંચતા પહેલા, ઈંગ્લેન્ડની ટીમ ન્યુઝીલેન્ડના પ્રવાસ પર હતી. વેલિંગ્ટનમાં ત્રીજી વન ડે પહેલા રાત્રે ત્યાં મોટો હોબાળો થયો હતો. ધ ડેઈલી ટેલિગ્રાફના અહેવાલ મુજબ, હેરી બ્રુક 31 ઓક્ટોબરની રાત્રે ન્યુઝીલેન્ડના એક નાઈટક્લબમાં ગયો હતો. પ્રવેશ ન મળતાં તેને બાઉન્સર સાથે ઝઘડો કર્યો હતો. બ્રુકે પોતાના નિવેદનમાં કહ્યું કે હું મારા કાર્યો માટે માફી માંગુ છું. હું સ્વીકારું છું કે મારું વર્તન ખોટું હતું. આનાથી મને અને ઈંગ્લેન્ડની ટીમને શરમ આવી છે. ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કરવું એ સૌથી મોટું સન્માન છે, જેને હું ગંભીરતાથી લઉં છું, અને મારા સાથી ખેલાડીઓ, કોચ અને સમર્થકોને નિરાશ કરવા બદલ હું માફી માંગુ છું.

ટી-20 વર્લ્ડકપ માટે શ્રીલંકાના બેટિંગ કોચ તરીકે વિક્રમ રાઠોડની નિમણૂક

કોલંબો, તા. 08 (પીટીઆઇ) : ભારતના માજી બેટિંગ કોચ વિક્રમ રાઠોડને સાતમી ફેબ્રુઆરીથી શરૂ થનારા ટી-20 વર્લ્ડકપ માટે ગુરૂવારે શ્રીલંકાના બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. શ્રીલંકા ક્રિકેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, શ્રીલંકા ક્રિકેટને જાહેરાત કરતા આનંદ થાય છે કે માજી ભારતીય બેટિંગ કોચ વિક્રમ રાઠોડને શ્રીલંકાની રાષ્ટ્રીય ટીમના બેટિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની નિમણૂક સલાહકાર ધોરણે કરવામાં આવી છે અને તેમનું મુખ્ય ધ્યાન આઈસીસી મેન્સ ટી-20 વર્લ્ડકપ 2026ની તૈયારીઓ પર રહેશે.

SHRIKANT MOHTA AND MAHENDRA SONI PRESENT
IN ASSOCIATION WITH NAMANRAJ PRODUCTIONS PVT.LTD & SIDDHARTH RANDERIA PRODUCTION LLP
SCAN THIS QR CODE TO BOOK YOUR TICKETS NOW
SCAN THIS Q